# રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ

## જાહેરાત

### રાજકોટ મહાનગરપાલિકાના કેસો માટે પેનલ એડવોકેટની નિયુક્તિ માટે અરજીઓ મંગાવવા અંગે

રાજકોટ મહાનગરપાલિકાના નામદાર હાઇકોર્ટ સમક્ષના/રેવન્યુ ટ્રીબ્યુનલ/આર્બીટ્રેશન કેસો લગતની કામગીરી અનુસંધાને પેનલ તૈયાર કરવાની થતી હોય કાયદાના સ્નાતક, હાઇકોર્ટમાં ઓછામાં ઓછા દસ વર્ષની સક્રિય પ્રેકટીસ હોય, સ્વચ્છ ભુતકાળ ધરાવતાં હોય તેવા એડવોકેટશ્રીઓ પાસેથી અરજીપત્રકો ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી કમિશ્નરશ્રીના નામે, લીગલશાખા રૂમ નં. ૪, થર્ડ ફલોર, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટને તા.૦૮/૦૪/૨૦૨૪ સુધીમાં મળે તે રીતે મંગાવવામાં આવે છે. કવર ઉપર પેનલ એડવોકેટની નિયુક્તિ અંગેની અરજી અવશ્ય લખવાનું રહેશે. અરજી સાથે શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો શામેલ રાખવાના રહેશે. તારીખ:૦૮/૦૪/૨૦૨૪ પછીથી આવેલ અરજીઓ, અધુરી વિગતોવાળી અરજીઓ તેમજ રજી.એ.ડી./સ્પીડ પોસ્ટ સિવાય આવેલ અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહી. પેનલમાં રહેવા માંગતા એડવોકેટશ્રીએ અંગત નામે અરજી કરવાની રહેશે, ફર્મના નામે કરેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહી. અરજી સાથેના પ્રમાણપત્રો/આધારો સ્વપ્રમાણિત અથવા રાજયપત્રિત અધિકારીશ્રીએ પ્રમાણિત કરેલ જોડવાના રહેશે.

(સહી)

સી.કે.નંદાણી

નાયબ કમિશનર

રાજકોટ મહાનગરપાલિકા

સ્થળ : રાજકોટ

તા. ૧૪/03/૨૦૨૪